## ઔદ્યોગિક ન્યાયપંચ નં.૨ નાં પ્રમુખ અધિકારીશ્રી અશ્વિન દવે સમક્ષ, અમદાવાદ

## એપ્રુવલ અરજી(આઈ.ટી.)નં.૮૯/૨૦૧૭
## ઈન
## રેફરન્સ(આઈ.ટી.) નં.૨૧/૨૦૧૪

**અરજદાર:** આર. એમ. પી. બેરીંગ્સ પ્રા. લી.,
મુ. પો. તા. રાણપુર, જી. બોટાદ

**વિરૂધ્ધ**

**સામાવાળા:** કુકાભાઈ રૂપાભાઈ,
ભરવાડ વાસ, નદી કાંઠે,
મુ. પો. રાણપુર, જી. બોટાદ.
C/O ગુજરાત મજદુર સભા,
મહારાણા પ્રતાપ બીલ્ડીંગ, અમદાવાદ

**હાજર રહયા:** અરજદાર તરફે :– વકીલશ્રી એ.એસ. પરીખ.
સામાવાળા તરફે:– પ્રતિનિધિશ્રી એ.એન. પટેલ.

<u>બાબત:–</u> ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.

### <u>–: ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દે હુકમ:–</u>

(૧) અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેનો હવે પછીથી ટુંકમાં, ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૩૩(૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને તા.૧–૭–૨૦૧૭ નાં રોજથી નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદાર સામે ડીમાન્ડ કેસ રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૧/૨૦૧૪ સુનાવણી માટે પડતર છે. સદર ડીમાન્ડ કેસની સુનાવણી દરમ્યાન અરજદારમાં કામ કરતા સામાવાળાને તેઓએ આચરેલ ગેરવર્તણૂંક માટે છુટા કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. સામાવાળા અરજદારમાં ગ્રાઈન્ડીંગ ખાતામાં ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. સામવાળાએ નોકરી દરમ્યાન ગેરવર્તણૂંક આચરતા સામાવાળાને તા.૨૬–૧૧–૧૩ ના હુકમથી પ્રાથમિક સસ્પેન્શન

હુકમથી સસ્પેન્ડ કરવામાં આવેલ. અરજદારને લાગુ પડતા સ્થાયી હુકમોની જોગવાઈઓ અનુસાર સામાવાળાને તા.૨૬–૨–૧૪ ના રોજ શોકોઝ નોટીસ કમ ચાર્જશીટ આપેલ જે સામાવાળાને મળી ગયેલ છે. અરજદારે સામવાળા સામે ખાતાકીય તપાસ હાથ ધરવાનું નકકી કરેલ, જેની તપાસ તા.૨૭–૫–૧૪ ના રોજ રાખવાનું નકકી કરેલે સામાવાળા તપાસમાં હાજર રહેલ અને તા.૨૬–૨–૧૪ ની શોકોઝ નોટીસ કમ ચાર્જશીટ મળી ગયેલ છે તેમ જણાવેલ. સદર દિવસે સામાવાળાએ તેમના યુનિયનના પ્રમુખશ્રીનું અવસાન થયેલ હોઈ મુદતની માંગણી કરતા તપાસ મુલત્વી રાખેલ. સદર તપાસ અગાઉ તા.૨૦–૫–૧૪ ના રોજ રાખવાનું નકકી કરેલ પરંતુ સદર પત્રમાં તપાસની જગ્યા લખવામાં ભુલ થયેલ હોવાથી તપાસ હાથ ધરવામાં આવેલ ન હતી. તા.૨૪–૬–૧૪ ના રોજ સામાવાળા તપાસમાં હાજર રહેલ. સદર દિવસે પ્રેઝન્ટીંગ ઓફીસરે સામાવાળાનો તા.૧૦–૬–૧૪ ના રોજનો પત્ર અને તેનો જવાબ તપાસમાં રજુ કરેલ હતો. સામાવાળાએ તા.૧૦–૬–૧૪ ના રોજના પત્રમાં જુદા જુદા દસ્તાવેજોની માંગણી કરેલ હતી તેમજ તપાસ અમદાવાદની જગ્યાએ અરજદાર પર રાખવાની રજુઆત કરેલ હતી, જેનો સામાવાળા તરફે તા.૧૬–૬–૧૪ ના રોજનો જવાબ રજુ કરેલ. સદર પત્રમાં જણાવેલ કે તપાસ જો અરજદારમાં રાખવામાં આવે તો સંસ્થાનું વાતાવરણ ડહોળાઈ જાય તેમ છે તેમજ હાલનું તપાસ સ્થળ અરજદારની સંસ્થાની ઓફીસ છે તેથી તપાસ ઓફીસમાં રાખવામાં કોઈ વાંધો હોઈ શકે નહીં. તા.૮–૭–૧૪ ના રોજ તપાસમાં અરજદાર તરફે પ્રેઝન્ટીંગ ઓફીસર તથા સામાવાળા હાજર રહેલ હતા. પ્રેઝન્ટીંગ ઓફીસરે સામાવાળાની તા.૨૪–૬–૧૪ ની અરજીનો જવાબ રજુ કરેલ. સદર દિવસે સામાવાળાએ તેમના પત્રના અનુસંધાનમાં વધુ રજુઆત કરવાની હોવાથી મુદતની માંગણી કરતા તપાસ મુલત્વી રાખવામાં આવેલ ત્યાર બાદની તા.૨૫–૭–૧૪ ના રોજની તપાસ કાર્યવાહીમાં સામાવાળા હાજર નહીં રહેતા તપાસ મુલત્વી રાખવામાં આવેલ. તા.૧૪–૮–૧૪ ના રોજની તપાસ કાર્યવાહીમાં અરજદાર તરફે પ્રેઝન્ટીંગ ઓફીસર તથા સામાવાળા હાજર રહેલ હતા. સદર તારીખે સામાવાળાએ દસ્તાવેજો પુરા

પાડવામાં આવેલ નથી તે અંગેની રજુઆત કરી ૧૫ દિવસના સમયની માંગણી કરેલ. સદર તારીખે તપાસ અધિકારીશ્રીએ સામાવાળાની અરજી રદ કરેલ અને તપાસમાં સહકાર આપવાની સુચના આપી તપાસ મુલત્વી રાખવામાં આવેલ. ત્યાર બાદ તપાસ કાર્યવાહીમાં તા.૨૬–૮–૧૪ તથા તા.૨–૯–૧૪ ના રોજ સામાવાળા તપાસમાં હાજર રહેલ નહીં, આથી તપાસ કાર્યવાહી મુલત્વી રાખવામાં આવેલ. તા.૨૩–૯–૧૪ ના રોજ સામાવાળા ધ્વારા સાક્ષીઓના નામ તથા તપાસ કાર્યવાહી અમદાવાદ ખાતે રાખેલ હોવાથી આવવા–જવાના ભાડાની માંગણી કરેલ, જે પૈકી સાક્ષીઓના નામ અંગે તપાસ કાર્યવાહીમાં નિકાલ થઈ ગયેલ હોવાથી સામાવાળાની ભાડુ આપવાની માંગણી મંજુર રાખવામાં આવેલ. સદર તારીખે સામાવાળાની તપાસ અધિકારી ધ્વારા પ્રાથમિક પુછપરછ કરવામાં આવેલી, જેમાં સામાવાળાએ તેમને ચાર્જશીટ મળેલ હોવાનું તથા તેમાં જણાવેલ આક્ષેપો કબુલ ન હોવાનું જણાવેલ હતું. ત્યાર બાદ તા.૬–૧૦–૧૪ તથા તા.૧૫–૧૦–૧૪ ના રોજ તપાસ કાર્યવાહી અમુક કારણસર મુલત્વી રાખવામાં આવેલ. તા.૧–૧૧–૧૪ ના રોજ અરજદાર તરફે સાક્ષી શ્રી રફીકભાઈ ખટુંબરાનું નિવેદન રજુ કરેલ, જેની નકલ સામાવાળાને અગાઉથી મોકલી આપવામાં આવેલ પરંતુ સામાવાળાએ મુદતની માંગણી કરતા મુદત આપવામાં આવેલ. તા.૧૫–૧૧–૧૪ ના રોજ સામાવાળા તથા પ્રેઝન્ટીંગ ઓફીસર હાજર રહેલ. પ્રેઝન્ટીંગ ઓફીસરે જણાવેલ કે સાક્ષીના નિવેદનમાં ટાઈપ મીસ્ટેક થયેલ છે, આથી ચાર્જશીટની હકીકતો જોતા તે ભુલમાં સુધારો કરવામાં આવેલ. સામાવાળાને સાક્ષીની ઉલટતપાસ કરવાનું જણાવતા સામાવાળાએ બચાવ પ્રતિનિધિ રાખવાની રજુઆત કરેલ, જે માંગણી નામંજુર કરવામાં આવેલ. સામાવાળાને સહકામદાર લાવવાની છુટ આપેલ હતી. સદર તારીખે સામાવાળાએ અરજદારના સાહેદની ઉલટતપાસ કરવાની ના પાડતા ઉલટતપાસ પુરી જાહેર કરેલ અને અરજદાર તરફે બીજા કોઈ સાક્ષી લાવવા માંગતા નથી તેવી રજુઆત પ્રેઝન્ટીંગ ઓફીસરે કરેલી અને અરજદારનો પુરાવો બંધ કરેલ. તપાસ સામાવાળાના પુરાવા માટે મુલત્વી રાખવામાં

આવેલ. તા.૨૨–૧૧–૧૪ ના રોજ સામાવાળા હાજર રહેલ નહીં પરંતુ તેમના વતી મોતીમીયાં ભીખુભા નામની વ્યકિતએ મુદતની માંગણી કરેલ. સદર તારીખે અરજદાર ધ્વારા સંસ્થાના સાક્ષીને હાજર રાખવામાં આવેલ. ત્યાર બાદ તા.૨૭–૧૧–૧૪ તથા તા.૨–૧૨–૧૪ ના રોજ સામાવાળા હાજર રહેલ નહીં. તા.૧૧–૧૨–૧૪ ના રોજની તપાસ કાર્યવાહીમાં સામાવાળા ધ્વારા તા.૪–૧૨–૧૪ નો પત્ર રજુ કરેલ તથા સામાવાળાને તે દિવસે તેઓ તેમનું નિવેદન આપવા માંગે છે કે કેમ? તે પુછતા સામાવાળાએ ના પાડેલ, આથી સદર દિવસે તપાસ પૂર્ણ જાહેર કરવામાં આવેલ. વધુમાં સામાવાળાને જણાવવામાં આવેલ કે જો સામાવાળા તેમનું બચાવ નિવેદન રજુ કરવા માંગતા હોય તો ૭ દિવસમાં અરજદારને મોકલી આપે, જે મુજબ સામાવાળાએ તા.૧૬–૧૨–૧૪ ના રોજ તેમનું નિવેદન મોકલી આપતા તપાસ હાથ ધરવામાં આવેલ, જેમાં પત્ર તથા રીફ્યુઝ થયાનું કવર રજુ કરેલ. આમ તે દિવસે તપાસ કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ. તપાસ અધિકારી ધ્વારા આપવામાં આવેલ તારણોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ ખાતાકીય તપાસના તારણોની નકલ સામાવાળાને તા.૨૧–૪–૧૭ ના રોજ બીજી કારણદર્શક નોટીસ સાથે મોકલી આપેલ, જે સામાવાળાને મળી ગયેલ છે. સામાવાળાએ ત્યાર બાદ તા.૪–૫–૧૭ ના રોજ બીજી કારણદર્શક નોટીસનો ખુલાસો આપવા સમય માંગેલ, ત્યાર બાદ તા.૩૦–૫–૧૭ ના રોજ બીજી કારણદર્શક નોટીસનો સામાવાળાએ ખુલાસો આપેલ છે, જે સંતોષકારક નથી. અરજદાર ધ્વારા હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસ વ્યાજબી અને કાયદેસરની હતી. તપાસના તારણો મુજબ સામાવાળાની ગેરવર્તણૂંક સાબિત થતી હતી. સામાવાળાની ગેરવર્તણૂંક મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર અન્વયે ગંભીર પ્રકારની ગેરવર્તણૂંક બને છે, આથી અરજદારે સામાવાળાને તા..–૬–૧૭ ની બરતરફ કરેલ છે. અરજદારે સામાવાળાને એક માસનો પગાર રૂ.૧૧,૧૧૨/–ચેકથી ચૂકવી આપેલ છે. અરજદારે સામાવાળાને તા.૧–૭–૧૭ ના રોજથી બરતરફ કરેલ છે તે કૃત્ય માન્ય કરવાનો હુકમ કરવાની દાદ માંગેલ છે.

(૩) સદર કામે સામાવાળા ધ્વારા આંક–૧ર થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે, જેની ટૂંકી હકીકત એવી છે કે, સામાવાળા સૌ પ્રથમ આ એપ્રુવલ અરજી આઈ.ડી. એકટની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરતી ન હોઈ પેરા–એ થી પેરા–બી માં જણાવેલ પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે અને તેને સૌ પ્રથમ નકકી કરવા અરજ ગુજારે છે. સામાવાળા જણાવે છે કે, અરજદારની અરજી આઈ.ડી. એકટની કલમ–૩૩ (ર) (બી) ની જોગવાઈ મુજબની નથી તેથી તેની કોઈ દાદ મંજુર કરી શકાય તેમ નથી. અરજદારે સામાવાળાની યુનિયન પ્રવૃત્તિ તોડવા માટે ગેરવર્તણૂંક ઉભી કરેલ છે અને યુનિયનની રચના નિરર્થક બનાવવા તેમજ સામાવાળાને ન્યાયી અને વ્યાજબી પગારવધારો આપવો ન પડે તે માટે પ્રાથમિક સસ્પેન્શન હુકમ કમ ચાર્જશીટ ઉભી કરવામાં આવેલ છે, જે પ્રથમથી જ ગેરકાયદેસર છે. અરજદારે ખૂબ લાંબા સમય બાદ ચાર્જશીટ ઉભી કરેલ છે. સામાવાળાએ કોઈ ગેરવર્તણૂંક કરેલ જ નથી તે સંજોગોમાં કંપનીનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર છે. અરજદારે કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તપાસ કરેલ છે. અરજદારે સામાવાળાએ તા.૩૦–પ–૧૭ ના રોજ સેકન્ડ શોકોઝ નોટીસ સંબંધમાં વચગાળાનો જવાબ આપેલ છે, જે જવાબને બીલકુલ ધ્યાને લીધા સિવાય અયોગ્ય મજુર પ્રથમ આચરી બરતરફીનું પગલું લીધેલ છે. બરતરફી સમય પૂરેપૂરો નોટીસ પગાર ચૂકવેલ નથી. આમ બરતરફીનું પગલું ગેરકાયદેસર છે. સામાવાળાને નિયમ મુજબ ૭પ ટકા પ્રમાણે નિર્વાહ ભથ્થું ચૂકવવામાં આવેલ ન હતું. અરજદારે એકપક્ષીય રીતે તપાસ કાર્યવાહી હાથ ધરેલ છે. સામાવાળાને બચાવનું નિવેદન આપવાની તક આપેલ નથી. ફકત અરજદારના કહેવા મુજબની રજુઆત નોંધી તમામ કાર્યવાહી કરેલ છે. તપાસ અધિકારીના તારણો પુરાવા પર આધારીત નથી. સામાવાળા ખાતાકીય તપાસ ગેરકાયદેસર હોવાનું તથા અરજદારની અરજી ગેરકાયદેસર હોઈ સામાવાળા અરજદારની અરજી રદ કરવા જણાવે છે.

(૪) સદર કામે એ હકીકત ઉલ્લેખનીય છે કે, સામાવાળા ધ્વારા તેમના લેખિત જવાબના પેરા–૧ માં જે પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે તેનો પ્રથમ નિર્ણય કરવા

આંક–૧૩ થી અરજ ગુજારેલ હતી.

ઔધોગિક ન્યાયપંચ ધ્વારા પ્રાથમિક મુદ્દાની અરજી હેઠળ તા.૯–૨–૧૮ ના હુકમથી સામાવાળાની આંક–૧૩ ની પ્રાથમિક મુદ્દાની અરજી ગ્રાહ્ય રાખી અરજદારની અરજી નામંજુર કરેલ હતી.

ઔધોગિક અદાલતના સદર હુકમ સામે અરજદાર ધ્વારા નામ. વડી અદાલત સમક્ષ સ્પે. સિવીલ એપ્લીકેશન નં.૫૫૪૬/૨૦૧૮ તથા અન્ય પીટીશન દાખલ કરેલ હતી, જેમાં નામ. વડી અદાલતે તેમના તા.૧૧–૬–૧૮ ના હુકમથી ઔધોગિક ન્યાયપંચનો હુકમ કાયમ રાખેલ હતો. નામ. વડી અદાલતના સદર હુકમથી નારાજ થઈ અરજદારે નામ. વડી અદાલત સમક્ષ એલ.પી.એ. નં.૯૬૦/૨૦૧૮ થી એલ.પી.એ. નં.૯૬૩/૨૦૧૮ દાખલ કરેલ હતી, જેમાં નામ. વડી અદાલતની ડીવીઝન બેન્ચે તેમના તા.૨૮–૮–૧૮ ના હુકમથી નામ. વડી અદાલતના સિંગલ જજ સાહેબનો તેમજ ઔધોગિક ન્યાયપંચનો હુકમ રદબાતલ ઠરાવી એપ્રુવલ અરજીનો ગુણદોષ પર નિકાલ કરવા જણાવેલ હતું.

(૫) સદર એપ્રુવલ અરજીનો ગુણદોષ પર નિર્ણય કરવાના તબકકે સામાવાળા ધ્વારા ખાતાકીય તપાસની કાર્યવાહીને પડકારતા હોઈ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુરૂપ છે કે કેમ? તે મુદ્દાનો પ્રથમ નિર્ણય કરવાનું ઠરાવેલ છે.

અરજદાર તથા સામાવાળા ધ્વારા આંક–૨૦ ની પુરસીસથી સદર કામે રજુ દસ્તાવેજો પર આધાર રાખતા હોય ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા પરત્વે તેમનો મૌખિક પુરાવો લેવાનો હકક બંધ જાહેર કરેલ છે.

ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા પરત્વે અરજદારના વકીલશ્રી એ.એસ. પરીખ તથા સામાવાળાના પ્રતિનિધિશ્રી એ.એન. પટેલને સાંભળ્યા.

(૬) અરજદારના વકીલશ્રી એ.એસ. પરીખ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, સામવાળાએ નોકરી દરમ્યાન ગેરવર્તણૂંક આચરતા

સામાવાળાને તા.૨૬–૧૧–૧૩ ના હુકમથી પ્રાથમિક સસ્પેન્શન હુકમથી સસ્પેન્ડ કરવામાં આવેલ. અરજદારને લાગુ પડતા સ્થાયી હુકમોની જોગવાઈઓ અનુસાર સામાવાળાને તા.૨૬–૨–૧૪ ના રોજ શોકોઝ નોટીસ કમ ચાર્જશીટ આપેલ.સામાવાળા વિરુધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હતી. ખાતાકીય તપાસમાં સામાવાળાને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવ તથા રજુઆતની તક આપેલ છે. સામાવાળા વિરુધ્ધ હાથ ધરેલ ખાતાકીય તપાસ યોગ્ય, વ્યાજબી તથા કાયદેસર હોઈ અરજદાર સદર તપાસ કાયદેસર હોવાનું ઠરાવવાની દાદ માંગે છે.

સામાવાળાના પ્રતિનિધિશ્રી એ.એન. પટેલ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, સામાવાળાએ ગેરવર્તણૂંક કરેલ ન હોવા છતા સામાવાળાની યુનિયન પ્રવૃત્તિ તોડી નાખવાના બદઈરાદે કીન્નાખોરી રાખી ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ છે. ખાતાકીય તપાસમાં સામાવાળાને બચાવ તથા રજુઆતની તક આપવામાં આવેલ નથી. અરજદારના સાક્ષીની ઉલટતપાસની તક આપેલ નથી તેમજ સામાવાળાને બચાવનું નિવેદન રજુ કરવાની તક આપેલ નથી. સામાવાળા વિરુધ્ધ કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કર્યા સિવાય ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવેલ હોઈ સામાવાળા ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવવાની દાદ માંગે છે.

**(૭)** સદર કામે નીચે મુજબના મુદ્દાઓ મારા ન્યાયનિર્ણય અર્થે ઉપસ્થિત થાય છે.

(૧) સામાવાળા વિરુધ્ધ અરજદાર ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના અનુરૂપ છે કે કેમ ?
(૨) શો હુકમ?

ઉપરોકત જણાવેલ મુદ્દાઓનો મારો જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧) હકારમાં
(૨) આખરી હુકમ મુજબ

(૮) **-: કારણો:-**

**મુદ્દા નં.૧:-**

**(એ)** સામાવાળા વિરુધ્ધ હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી હાલના કામે લીસ્ટ આંક-૧૨ થી રજુ છે. સદર દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો તે પરથી નીચેની હકીકત જણાય છે.

(૧) સામાવાળાને નિ.૧૨/૨ (આંક-૨) થી રજુ તા.૨૬-૧૧-૧૩ ના રોજનો પ્રાથમિક સસ્પેન્શન હુકમ આપવામાં આવેલ છે.

(૨) સામાવાળાને તા.૨૬-૨-૧૪ ના રોજની નિ.૨/૧ થી રજુ શોકોઝ નોટીસ કમ ચાર્જશીટ આપવામાં આવેલ છે. સામાવાળાએ ચાર્જશીટનો લેખિત ખુલાસો રજુ કરેલ નથી.

(૩) તા.૨૦-૫-૧૪ ના રોજ રાખવામાં આવેલ તપાસમાં તપાસનું સ્થળ લખવામાં શરતચૂક થયેલ હોવાથી તપાસની મુદત તા.૨૭-૫-૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૪) તા.૨૭-૫-૧૪ ની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસમાં સામાવાળાએ મુદતની માંગણી કરતા તપાસની મુદત તા.૧૦-૬-૧૪ રાખવામાં આવેલ હતી.

(૫) તા.૧૦-૬-૧૪ ના રોજની તપાસમાં તપાસ અધિકારી ગેરહાજર હોઈ તપાસ તા.૨૪-૬-૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૬) તા.૨૪-૬-૧૪ ના રોજની તપાસમાં સામાવાળા કેટલાક દસ્તાવેજોની માંગણી કરતા તપાસ મુલત્વી રાખી તપાસની મુદત તા.૮-૭-૧૪ રાખવામાં આવેલ હતી.

(૭) તા.૮-૭-૧૪ ના રોજ ની ખાતાકીય તપાસમાં સામાવાળા ધ્વારા અરજદારના પત્ર અનુસંધાને રજુઆત કરવાની હોવાથી મુદતની માંગણી કરતા તપાસ તા.૨૫-૭-૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૮) તા.૨૫–૭–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા ગેરહાજર હોઈ તપાસની મુદત તા.૧૪–૮–૧૪ રાખવામાં આવેલ હતી.

(૯) તા.૧૪–૮–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. ત્યાર બાદ તપાસ તા.૨૬–૮–૧૪ ના રોજ રાખવામાં આવેલ હોવાનું જણાય છે.

(૧૦) તા.૨૬–૮–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા ગેરહાજર હોઈ તપાસની મુદત તા.૨–૯–૧૪ રાખવામાં આવેલ હતી.

(૧૧) તા.૨–૯–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા ગેરહાજર હોઈ તપાસની મુદત તા.૯–૯–૧૪ રાખવામાં આવેલ હતી.

(૧૨) તા.૨૩–૯–૧૪ ના રોજની ખાતાકીય તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસ તારીખે સામાવાળાની પ્રાથમિક પુછપરછ કરી તપાસની મુદત તા.૬–૧૦–૧૪ રાખવામાં આવેલ હતી.

(૧૩) તા.૬–૧૦–૧૪ ના રોજની તપાસમાં અરજદારના સાક્ષી ગેરહાજર હોઈ તપાસ તા.૧૫–૧૦–૧૪ ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતી.

(૧૪) તા.૧૫–૧૦–૧૪ ના રોજની તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર મુદતે અરજદારના પ્રેઝન્ટીંગ ઓફીસર ગેરહાજર હોઈ તપાસ તા.૧–૧૧–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૧૫) તા.૧–૧૧–૧૪ ની ખાતાકીય તપાસમાં સામાવાળા હાજર રહેલ હતા. સદર તપાસ તારીખે અરજદાર તરફેના સાક્ષી રફીકભાઈ ખટુંબરાનું તપાસના કામે રજુ આંક–૧૯ નું નિવેદન રેકર્ડ પર લેવામાં આવેલ હતું. સામાવાળા ધ્વારા મુદતની માંગણી કરતા તપાસ તા.૧૫–૧૧–૧૪ ના રોજ રાખવામાં આવેલ હતી.

(૧૬) તા.૧૫–૧૧–૧૪ ના રોજ તપાસ દરમ્યાન સામાવાળા હાજર રહેલ હતા તેમજ દસ્તાવેજોની માંગણી કરેલ હતી. સામાવાળાને અરજદારના સાહેદની ઉલટતપાસ કરવા જણાવતા સામાવાળાએ ઉલટતપાસ કરવાની ના પાડેલ હતી. અરજદાર તરફે તપાસમાં બીજા કોઈ સાક્ષી નથી તેમ જણાવી તપાસ સામાવાળાના નિવેદન

માટે તા.૨૨–૧૧–૧૪ ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતી.

(૧૭) તા.૨૨–૧૧–૧૪ ના રોજ સાામાવાળા તરફે મોતીમીયાં ભીખુભા દ્વારા મુદતની માંગણી કરતા  તપાસ તા.૨૭–૧૧–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૧૮) તા.૨૭–૧૧–૧૪ ના રોજ સાામાવાળાએ ફોનથી મુદતની માંગણી કરતા તપાસ તા.૨–૧૨–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૧૯) તા.૨–૧૨–૧૪ ના રોજ સાામાવાળા તપાસમાં હાજર રહેલ ન હતા. સામાવાળાને મુદતની જાણ કરતા પત્રની એકનોલેજમેન્ટ પરત આવેલ ન હોઈ તપાસ તા.૧૧–૧૨–૧૪ ના રોજ મુલત્વી રાખેલ હતી.

(૨૦) તા.૧૧–૧૨–૧૪ ના રોજ સાામાવાળા ખાતાકીય તપાસમાં હાજર રહેલ હતા. સદર મુદતે સામાવાળાએ તેમનું નિવેદન રજુ કરવાની ના પાડતા તપાસ પુરી કરવામાં આવેલ છે. વધુમાં સામાવાળાને તેમનું નિવેદન રજુ કરવા ૭ દિવસની તક આપવામાં આવેલ હતી.

(બી) નામ. અલ્હાબાદ વડી અદાલત દ્વારા રામસાગર ચૌધરી વિ. સ્ટેટ ઓફ યુ.પી. (૨૦૧૩ એલ.એલ.આર. ૧૧૯૭) ના કામે ઠરાવેલ છે કે, કર્મચારીને તપાસમાં હાજર રહેવા વારંવાર નોટીસ આપવામાં આવેલ હોય તો આવા સંજોગોમાં કર્મચારી કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરેલ નથી તેવી તકરાર ઉપસ્થિત કરી શકે નહીં.

અરજદારે સામાવાળાને તપાસમાં હાજર રહેવા જાણ કરેલ છે તેમજ સામાવાળાને બચાવની પૂરતી તક આપેલ છે. અરજદારના સાહેદના નિવેદનની ઉલટતપાસ કરવાની તેમજ સામાવાળાને બચાવનું નિવેદન રજુ કરવાની તક આપેલ છે. સામાવાળાને તેમણે માંગ્યા અનુસાર મુદત આપવામાં આવેલ છે.

સામાવાળાએ તેમને મળેલ બચાવની તકનો ઉપયોગ કરેલ નથી. સામાવાળાએ તેમને મળેલ બચાવની તકનો દુરૂપયોગ કરેલ છે. અરજદારે ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાય છે. હાલના કામની હકીકતમાં જયારે અરજદારે સામાવાળાને બચાવની તક આપેલ હોય

ત્યારે સામાવાળા તેનો સમયગાળો અનંતકાળ સુધી લંબાવી શકે નહીં તે મુજબ મારું મંતવ્ય થાય છે. આઈ.ડી.એકટની કલમ ૩૩(૨)(બી) હેઠળની કાર્યવાહીમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન થયેલ છે કે કેમ? તે એકમાત્ર મુદ્દો ઔધોગિક ન્યાયપંચે જોવાનો રહે છે.

નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા ચોલન રોડવેઝ લી. વિ. જી.થીરુગન સંબંદમ (૨૦૦૫ (૩) એસ.સી.સી. ૨૪૧) ના કામે ઠરાવેલ છે કે,

**"13. It is neither in doubt nor in dispute that the jurisdiction of the Industrial Tribunal under Section 33 (2) (b) of the Industrial Tribunal Act is a limited one. The jurisdiction of the Industrial Tribunal under Section 33 (2)(b) cannot be equated with that of Section 10 of the Industrial Disputes Act."**

નામ. ગુજરાત વડી અદાલત ધ્વારા ઈશ્વરભાઈ શંકરભાઈ પરમાર વિ. ડીવીઝનલ કન્ટ્રોલર, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એલ.પી.એ. નં.૪૨૦/૨૦૧૬, તા.૧-૮-૧૬ ) ના કામે પેરા-૧૫ માં ઠરાવેલ છે કે,

**"14.The Tribunal had gone into the legality of the Departmental Inquiry held by the petitioner- Corporation as if the Tribunal is examining the inquiry under Section 10 of the I.D. Act.**

**15. At this Stage, it is relevant to note the observations made by the Hon'ble Supreme Court in the case of Cholan Roadways Ltd. (supra), wherein the Hon'ble Supreme Court in para 13 observed that it is neither in doubt nor in dispute that the jurisdiction of the Industrial Tribunal under Section 33 (2) (b) of the I.D. Act is a limited one. The Jurisdidiction of the Industrial Tribunal under Section 33 (2) (b) of the I.D. Act cannot be equated with that of Section 10 of the I.D. Act. Thus, in the present case, the Tribunal has gone into the merits and demerits of the departmental inquiry held against the appellant- workman, which is not permissible."**

નામ. સર્વોચ્ચ અદાલત તથા નામ. ગુજરાત વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત કાયદાના સિધ્ધાંતો હું હાલના કામે આદરપૂર્વક અનુસરું છું.

સામાવાળા વિરુધ્ધ હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસના દસ્તાવેજો કે જે હાલના કામે લીસ્ટ આંક-૧૨ થી રજુ છે તે ધ્યાને લેતા અરજદાર ધ્વારા સામાવાળાને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવ અને રજુઆત કરવાની પૂરતી તક આપેલ છે તેવી હકીકત પુરવાર થાય છે. આઈ.ડી. એકટની કલમ-૩૩ (૨) (બી) હેઠળની કાર્યવાહીમાં ખાતાકીય તપાસના ગુણદોષ વિસ્તૃત રીતે જોવાના નથી.

સામાવાળા વિરુધ્ધ હાથ ધરવામાં આવેલ ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ જણાતું હોઈ સામાવાળા વિરુધ્ધ અરજદાર ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના અનુરૂપ છે તે મુજબ હું ઠરાવું છું. સદર કારણસર **મુદ્દા નં.૧** નો મારો જવાબ **હકારમાં** છે. સદર કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) સામાવાળા વિરુધ્ધ અરજદાર ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના અનુરૂપ છે તે મુજબ ઠરાવવામાં આવે છે.
(૨) સદર કામની હવે પછીની સુનાવણી તા.૨૭-૩-૨૩ ના રોજ હાથ ધરવામાં આવશે.
(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.
(૪) સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૭-૨-૨૦૨૩
સ્થળ: અમદાવાદ

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ : જીજે ૦૦૭૭૬
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ

**કે.બી.ડોડિયા, પીપીએસ**